ગુજરાત બિન-અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને લોન યોજનાઓ માટે પ્રથમ હપ્તા પેટે રૂ.૧૨૫.૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવા બાબત. (વર્ષ: ૨૦૨૫-૨૬)

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ SJED/MIS/e-file/17/2024/2049/A-1 Section
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધાઃ**

1. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૫/૨૦૨૫નો સમાનાંકી ઠરાવ.
2. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૯-૦૫-૨૦૨૫નો પત્ર નં.: DDCW/0088/05/2025.

**આમુખ:**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરનાં આ વિભાગના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં લોનની ગ્રાન્ટ પેટે રૂ.૫૦૦.૦૦ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરનાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પત્રથી વર્ષ ૨૦૨૫-૨૬નાં અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૫૦૦.૦૦ કરોડની લોનની ગ્રાન્ટનાં પ્રથમ હપ્તા પેટે રૂ.૧૨૫.૦૦ કરોડની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬નાં અંદાજપત્રમાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે લોન યોજનાઓની ગ્રાન્ટ પેટે કરવામાં આવેલ રૂ.૫૦૦.૦૦ કરોડની જોગવાઇ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ.૧૨૫.૦૦ કરોડ (અંકે રૂપિયા એકસો પચીસ કરોડ પૂરા)ની ગ્રાન્ટ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનાં હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

1. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.
2. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય જોગવાઈઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
3. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી ગ્રાન્ટ વર્ષને અંતે સરન્ડર કરવાની રહેશે.
6. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. નિગમે હવે પછી ગ્રાન્ટની દરખાસ્ત કરતી વખતે ફાળવેલ લોનની રકમ સામે વસુલાતનું અદ્યતન પત્રક પણ સામેલ કરવાનું રહેશે.

8. બાકી વસુલાત માટે સઘન પ્રયત્નો કરવા ઉપરાંત બાકી હિસાબોનું ઓડીટ પૂર્ણ કરી વાર્ષિક અહેવાલો વિધાનસભા ગૃહના મેજ પર મુકવાની પ્રક્રિયા સત્વરે પુર્ણ કરવાની રહેશે.
9. આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં-૯૨, મુખ્ય સદર-૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનાં કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર હેઠળની લોન અને અન્ય કમાણી, પેટા સદર-૦૧ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૩૧-૦૫-૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.)ના અંગત સચિવ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૫.